| | |
|---|---|
| | **Gujarat Public Service Commission**<br>**PROVISIONAL RESULT**<br>**List (Fourth) of Eligible Candidates for Application Scrutiny**<br>**Advertisement No. 56/2017-18** |

વંચાણે લીધી : આયોગની તા.28.02.2018, તા.02.04.2018 અને તા.27.04.2018ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી

1. **સરકારી આયુર્વેદ કોલેજોમાં સ્વસ્થવૃત વિષયના વ્યાખ્યાતા, વર્ગ-૨(ગુજરાત આયુર્વેદ સેવા)ની** જગ્યાએ ભરતી કરવા માટે **જાહેરાત ક્રમાંક: 56/2017-18ના** સંદર્ભમાં આયોગ દ્વારા **તા.07.01.2018ના** રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે ઉપર વંચાણે લીધેલ યાદીઓથી અરજી ચકાસણીને પાત્ર અનુક્રમે **20, 3** અને **2** ઉમેદવારોના બેઠક નંબરોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ અરજીઓ ની ચકાસણી બાદ આયોગના તા.14.10.1986ના કચેરી હુકમના નોર્મ્સ મુજબ **બિન અનામત(મહિલા) કેટેગરીમાં** રૂબરૂ મુલાકાત માટે પાત્ર પુરતા ઉમેદવારો ન મળતાં મેરીટ યાદી મુજબ વધુ કુલ: 02 બેઠક નંબરની ચોથી યાદી નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

2. અરજી ચકાસણીને પાત્ર કેટેગરીવાઇઝ ઉમેદવારોના બેઠક નંબરો નીચે મુજબ છે.

   (1) **બિન અનામત(મહિલા)**

| | | |
|---|---|---|
| **101000019** | **101000021** | **TOTAL = 2** |

3. અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક (ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.) અને લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નક્લ નીચેના ક્રમાનુસાર

   (1) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

   (2) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(3) અનામત વર્ગ (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિં. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(5) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(6) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(7) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(8) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(9) વર્ગ-૩ ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર (જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં)

(10) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(11) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(12) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક ) (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(13) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(14) તબીબી, દંત વિષયક અને પશુચિકિત્સા વિષયક જાહેરાતો માટે ઇન્ટર્નશીપ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(15) જે જાહેરાતમાં કાઉન્સિલનું રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં સંબંધિત કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તે નોંધણી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(16) પીએચડી પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(17) નેટ/સ્લેટ પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(18) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(19) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(20) ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુનામાં "ના વાંધા પ્રમાણપત્ર" (અસલમાં) અચૂક રજુ કરવાનું રહેશે.

(21) અનુભવના પ્રમાણપત્રો (જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ/કામના પ્રકાર દર્શાવવાના રહેશે.)

(22) સંશોધનપત્રો (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(23) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

(24) શારીરિક માપ અંગેનું તબીબી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો) અને

(25) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

**અચુક જોડીને <u>તા.01.06.2018</u> સુધીમાં આયોગની કચેરીમાં સંયુક્ત સચિવશ્રી (R-2) ને મળે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.**

**સ્થળ: ગાંધીનગર-382010** — સંયુક્ત સચિવ

**તારીખ: 21.05.2018** — ગુજરાત જાહેર સેવા આયોગ